# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં.

તા: ૨૧/૧૨/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ટ્રેડમાર્ક ફરજિયાત નથી પણ તમારી પ્રોડકટને કોઇ પોતાના નામથી માર્કેટમાં ના વેચી શકે એના માટે ટ્રેડમાર્ક લેવો બિઝનેસમાં અત્યંત હિતાવહ છે : ડો. રિશીત ભટ્ટ

## ચેમ્બરમાં 'બિઝનેસ માટે મહત્વની સંપત્તિ એટલે ટ્રેડમાર્ક' વિષય ઉપર સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવારે, તા. ૨૦ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'બિઝનેસ માટે મહત્વની સંપત્તિ એટલે ટ્રેડમાર્ક' વિષય ઉપર સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે અમદાવાદના એડવોકેટ ડો. રિશીત ભટ્ટે હેતુલક્ષી વકતવ્ય રજૂ કરી વેપારીઓ અને ઉદ્યોગપતિઓને ઇન્ટેલેકચ્યુલ પ્રોપર્ટી રાઇટ્સમાં પોતાની પ્રોડકટ માટે ખૂબ જ જરૂરી બાબત એવા ટ્રેડમાર્ક વિશે મહત્વની માહિતી આપી હતી.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી દિનેશ નાવડીયાએ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, પોતાની પ્રોડકટને સ્માર્ટનેસ અપાવવા માટે કે પછી બ્રાન્ડ બનાવવા માટે બિઝનેસમાં ટ્રેડમાર્ક ખૂબ જરૂરી બાબત છે. જેના વિશે આજના વકતાશ્રી આપણને સમજણ આપશે.

ડો. રિશીત ભટ્ટે સૌપ્રથમ ઇન્ટેલેકચ્યુલ પ્રોપર્ટી રાઇટ્સ વિશે સમજણ આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે તમારી બુદ્ધિથી લખો, નામ આપો, કોઇ પ્રોડકટ ડેવલપ કરો અથવા રિસર્ચ કરો એટલે એ તમારી ઇન્ટેલેકચ્યુલ પ્રોપર્ટી (બૌદ્ધિક સંપદા) કહેવાય. ઇન્ટેલેકચ્યુલ પ્રોપર્ટી આજકાલથી નથી આવી. ત્રણ હજાર વર્ષ પહેલા એક્ષ્પોર્ટ કરવામાં

આવતુ ત્યારે વેપારીઓ પોતાની સિગ્નેચર કરીને પ્રોડકટ મોકલતા હતા એટલે ચોકકસ પ્રકારની કંપનીની પ્રોડકટ વિશે જાણ થતી હતી. આ ખૂબ જ જૂની વાત છે પણ ગ્લોબલાઇઝેશનને કારણે થોડાક વર્ષોથી કાયદામાં પરીવર્તિત થઇ છે.

તેમણે ઇન્ટેલેકચ્યુલ પ્રોપર્ટીના ચાર રાઇટ્સ જેવા કે ટ્રેડમાર્ક, પેટન્ટ, કોપીરાઇટ અને ડિઝાઇન વિશે માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે કોઇપણ પ્રોડકટ માર્કેટમાં ઉપયોગમાં લીધા બાદ ટ્રેડમાર્ક અને કોપીરાઇટમાં જઇ શકાય છે. વિશ્વમાં કોઇએ પણ એવી પ્રોડકટ નહી બનાવી હોય જે તમે બનાવી હોય તો એના માટે પેટન્ટ મળે છે. એવી રીતે સિનેમેટીક ફિલ્મો, આર્ટીસ્ટીક વર્ક અને સોફટવેર વગેરેમાં કોપીરાઇટ માટે રજિસ્ટ્રેશન કરાવવાનું હોય છે. પેટન્ટ માર્કેટમાં ઉપયોગમાં લીધાના વીસ વર્ષ પછી અને ડિઝાઇન પંદર વર્ષ બાદ પબ્લીકલી થાય છે.

તેમણે વધુમાં કહયુ હતુ કે, ટ્રેડમાર્ક હવે માત્ર ભારત પુરતુ નહી પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિશ્વભરની ૯૮ દેશોમાં સિંગલ એપ્લીકેશનથી રજિસ્ટર્ડ કરી શકાય છે. આ રજિસ્ટ્રેશન મેડ્રીડ પ્રોટોકોલથી થાય છે. આ સિસ્ટમથી ભારતના ઉદ્યોગ સાહસિકોને ઘણો લાભ થયો છે. કારણ કે એમની પ્રોડકટ આ સિસ્ટમથી વિશ્વના ૯૮ દેશોમાં કોઇ બીજી વ્યકિત પોતાના નામથી વેચી નહી શકે. તેમણે વધુમાં કહયુ કે જાણીતી કંપનીઓના નામે તથા ભગવાનના નામ બ્રાન્ડ નામ તરીકે નહી રાખવા જોઇએ.

ટ્રેડમાર્ક વિશે ડો. ભટ્ટે વધુમાં જણાવ્યુ હતુ કે ગુજરાતમાં અમદાવાદ ખાતે ટ્રેડમાર્કનું રજિસ્ટ્રેશન લેવાનું હોય છે. કોઇપણ પ્રોડકટ માટે ટ્રેડમાર્કનું રજિસ્ટ્રેશન ફરજીયાત નથી. પરંતુ માર્કેટમાં તમારી પ્રોડકટ ફેમસ થઇ ગયા બાદ કોઇ અન્ય વેપારી તમારી પ્રોડકટ પોતાના નામથી વેચી ના શકે તે માટે ટ્રેડમાર્ક લેવાનુ બિઝનેસ માટે હિતાવહ હોય છે. ટ્રેડમાર્ક માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવવાનુ હોય છે. ટ્રેડમાર્ક, વર્લ્ડમાર્ક, ડિવાઇસ માર્ક અને લેટરમાર્ક વિશે તેમણે સમજણ આપી હતી.

તેમણે વધુમાં કહયુ હતુ કે ટ્રેડમાર્કમાં વેલનોનની માન્યતા મળે છે. ટાટા અને અદાણી જેવી સરનેમ પણ ટ્રેડમાર્ક બનેલી છે. ન્યુમરલ માર્ક પણ ટ્રેડમાર્ક છે. શેપ ઓફ ગુડ્સ અંગે પણ ટ્રેડમાર્ક મળે છે. હવે તો સાઉન્ડ માર્ક, સ્મેલ માર્ક અને ટેકટાઇલ માર્ક પણ મળે છે. અવાજ પરથી ચોકકસ પ્રકારની પ્રોડકટ ખબર પડે એટલે એને સાઉન્ડ માર્ક મળે છે. એવી જ રીતે ટેનીસ બોલની સ્મેલથી ખબર પડે કે એ ટેનીસનો બોલ છે એટલે એને સ્મેલમાર્ક મળે છે. તદુપરાંત કોઇ પ્રોડકટને સ્પર્શ કરવાથી તેની કંપની વિશે જાણ થાય એટલે એને ટેકટાઇલ માર્ક મળે છે. ભારતમાં હજી સુધી સ્મેલમાર્ક અને ટેકટાઇલ માર્ક આવ્યા નથી પણ નજીકના ભવિષ્યમાં આ બંને માર્ક પણ આવી જશે. સર્વિસ ઇન્ડસ્ટ્રીમાં સર્વિસ માર્ક પણ બનાવી શકાય છે.

આ સેશનમાં ચેમ્બરની આઇપીઆર કમિટીના ચેરમેન શ્રી પરેશ લાઠીયાએ કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ અને કો–ચેરમેન શ્રી મનિષ પટેલે પ્રાસંગિક વિધી કરી હતી. વકતાશ્રીએ વેપારીઓના ઇન્ટેલેકચ્યુલ પ્રોપર્ટી રાઇટ્સ વિશેના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. અંતે આઇપીઆર કમિટીના કો–ચેરમેન શ્રી રાજેશકુમાર શર્માએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.